અભ્યાસ પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધો.

1. ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શું કહે છે ?

(ક) ખાડો (ખ) હવાડો (ગ) કુંડ (ઘ) જળવાડો

(2) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે ?

(ક) તળાવને (ખ) ગોંદરાને (બ) પુસ્તકાલયને (ઘ) વડલાને

(3) લેખક ના છૂટકે ખેતરમાં શું લઈને જતા હતા?

(ક) બળદ (ખ) ભેંસો (ગ) ભાત (ઘ) સ્લેટ-પેન

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.

(1) ગામના ગોંદરે શું શું આવેલું છે?

ઉત્તર: ગામના ગોંદરે બે વિશાળ વડ, એક બાજુ પીપરો, પીપળા, તેમજ બીજી બાજુ લીમડા ઊભા છે, તેમજ ત્યાં એક કૂવો અને એક હવાડો આવેલા છે.

(2) સાહેબને આવતા જોઈ છોકરા શું કરતા?

ઉત્તર : સાહેબને આવતા જોઈ છોકરાં વડની વડવાઈઓ કે ખોદેલા ખાડાઓમા લપાઈ જતાં.

(3) ગોંદરૂ “ગામનું નાક’ કેમ કહેવાય છે?

ઉત્તર : ગોંદરુ ગામની શોભા છે, શાખ છે, ગોંદરે પરથી ગામ પરખાય છે, તેથી ગોંદરુ ‘ગામનું નાક' કહેવાય છે.

(4) ગામના પાદરમાં આવેલ પરિવર્તન થી લેખક ની લાગણી અનુભવે છે?

ઉત્તર : ગામના પાદરમાં આવેલ પરિવર્તન થી પાદરની કાળરૂપી સાપ ડસી ગયો હોય અને એના માથે જાણે કાળા શીંગડાં ઊગી ગયું હોય એવી લાગણી લેખક અનુભવે છે,

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં આપો :

(1) ઉનાળાના બપોરે ગોંદરુ કઈ રીતે ઉપયોગી બને છે?

ઉત્તર : ઉનાળાના બપોરે ઝાડના છાંયડે છોકરા રમે છે. ઢોર વગડેથી ગોંદરે આવી પોરો ખાય છે. ઉનાળામાં ગોંદરુ એરકન્ડીશન ગરજ સારે છે. આમ, ગોંદરુ ઉનાળાના બપોરે સૌને ઘણી રીતે ઉપયોગી બને છે.

(2) લેખકે વરસાદનો આનંદ કઈ રીતે માણે છે?

ઉત્તર : લેખક વરસાદમાં પલળવાની રોમાંચ અનુભવે છે. ગામના જૈન પાણી ગોદરે ભેગા થાય, ત્યાંથી તળાવમાં જાય. વૃક્ષો અને વાડો સાથે અને ગામના કચરાને ઢસડી જતા, વડવાઈમાં અટવાતું પાણી જોવાની લેખકને પડતી, આ રીતે લેખક વરસાદનો આનંદ માણે છે.

સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) લેખકે ગામના પાદરમાં ઊજવાતા ક્યા ક્યા પ્રસંગોની વાત કરી છે?

ઉત્તર : ગામના પાદરમાં મેળો ભરાય. કોઈનું મરણ થયું હોય તો મરનારની ત્રીજો વિસામો ગામને પાદરે થાય. મડદાને, એના અંગૂઠાને પાદર જ આગ મુકાય. આસો સુદ પાંચમે રાત્રે પાદરે ભવાઈ ના શ્રી ગણેશ કરાય. આમ, લેખકે પાદરમાં ઉજવાતા સારા માઠા અનેક પ્રસંગોની વાત કરી છે.

(2) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ કઈ રમત ની વાત કરી છે?

ઉત્તર : લેખકે ગામના પાદરમાં રચાતી હુતુહુતુ, આટાપાટા, આમલી-પીપળી, કુસ્તી, ભૂસકા મારવા વગેરે રમતો ની વાત કરી છે.

(3 ) લેખકે વરસાદનો આનંદ કઈ રીતે માણે છે?

ઉત્તર : લેખક વરસાદમાં પલળવાની રોમાંચ અનુભવે છે. ગામના જૈન પાણી ગોદરે ભેગા થાય, ત્યાંથી તળાવમાં જાય. વૃક્ષો અને વાડો સાથે અને ગામના કચરાને ઢસડી જતા, વડવાઈમાં અટવાતું પાણી જોવાની લેખકને પડતી, આ રીતે લેખક વરસાદનો આનંદ માણે છે.

(4.) ગામનું પાદર કઈ કઈ બાબતોનું સાક્ષી છે ?

ઉત્તર : ગામના પાદર ગામની જાહોજલાલી અને એની ચડતીપડતી નું સાક્ષી છે. પાદરમાં ધીંગાણાં મંડાણા છે. લાકડી, ધારિયા અને તલવારો ઉછળ્યા છે. સરકારી લફરાં થયાં છે. પેઢીઓની પેઢીઓ

ગોંદરેથી પસાર થઈ છે. પાદરે ઘણી તડકી-છાંયડી જોઈ છે. રેતીના એક-એક કણમાં ઇતિહાસનું એક એક પાનું લખાયું છે.

(5) ચોમાસાની ઋતુ સમયના ગોંદરા નું વર્ણન કરો.

ઉત્તર : ચોમાસાની ઋતુમાં વરસાદ આવતાંની સાથે જ, આખા ગામના નેવાંનાં પાણી ગોંદરે ભેગા થાય. ત્યાંથી સીધા જ એ પાણી તળાવમાં જાય. બાળકોને ગોંદરાના વૃક્ષોને અથડાઈને પાછું પડતું, આજુબાજુની વાત સાથે અથડાતા, ગામના કચરાને સડી જતુ કે વડવાઈઓમાં અટવાઈ જતું પાણી જોવાની મજા આવતી.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) તમારા ગામમાં તમારા ગામના પાદરમાં કે મહોલ્લામાં કયા પ્રસંગોની ઉજવણી થાય છે?

ઉત્તર: મારું ગામ ખૂબ જૂનું છે. એમાં ઘણાં પ્રાચીન મંદિરો છે. હાટકેશ્વરના મંદિરની આગળ મહાશિવરાત્રી અને શ્રાવણ મહાશિવરાત્રી અને શ્રાવણ માસના દર સોમવારે મેળો ભરાય છે. આશાપુરા માતાનાં દર્શને તેમજ બાધા દૂર કરવા ઘણા લોકો આવે છે. મારા ગામના પાદરમાં રામનવમી, ગણેશ ચતુર્થી અને જન્માષ્ટમીના તહેવાર ઉજવાય છે. પાદરમાં એક મસ્જિદ છે. મુસ્લિમો ત્યાં ઈદ ઉજવે છે અને નમાજ પઢે છે. મારા ગામના પાદરમાં વારંવાર ઉજાણીઓ પણ થતી રહે છે. .

(2) તમારા ગામના પાદરમાં કે મહોલ્લામાં તમે કઈ કઈ રમતો રમો છો?

ઉત્તર : અમારા ગામના પાદરમાં અને ગિલ્લી-દંડા, હુતુતુતુ, આમલી-પીપળી જેવી અનેક રમતો રમીએ છીએ. હમણાં અમે ક્રિકેટ રમવાની પણ શરૂઆત કરી છે. અમારા ગામના વડીલોએ અમને ફુટબૉલ રમવાની વ્યવસ્થા કરી આપી છે. ગામના પાદર માં નાના બાળકો સંતાકૂકડી તેમજ સાતતાળી પણ રમે છે.

(3) તમારા ગામના પાદરમાં કે મહોલ્લામાં થતી પ્રવૃત્તિઓ ની યાદી કરો.

ઉત્તર : અમારી શાળા ગામના પાદરમાં આવેલી છે. શાળાની અનેક પ્રવૃત્તિથી પાદર રળિયામણું લાગે છે. ગામના નાનકડું દવાખાનું પણ પાદરમાં આવેલું છે. દવાખાનામાં વારંવાર અનેક પ્રકારના મેડિકલ કેમ્પ યોજાય છે. પાદરમાં આવેલ મંદિરમાં સદાવ્રત ચાલે છે. કેટલાક યુવાનોએ આ મંદિરમાં એક પુસ્તકાલય શરૂ કર્યું છે. વૃદ્ધો તેમજ યુવાન ત્યાં બેસીને છાપા અને મેગેઝીન વાંચે છે. આમ, મારા ગામનું પાદર વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમે છે.

પ્રશ્ન 3. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો:

(1) હેલે ચઢવું – અતિ ઉત્સાહમાં આવી જવું

વાક્ય : સંતનાં દર્શન કરવા માનવ મહેરામણ હેલે ચડ્યો હોય એવું લાગતું હતું.

(2) મૂછ મરડવી – અભિમાન કે શુરાતન બતાવવું

વાક્ય : તોફાની ગુંડા પકડાયા એટલે પોલીસ ઓફિસર મૂછ મરડવા લાગ્યો.

(3 ) લહાવો લેવો – આનંદ લેવો , કોઈ પ્રસંગ માણવો

વાક્ય : દીકરીના લગ્નનો લહાવો લેવાની અમરતકાકીની ઇચ્છા પૂરી થઈ.

પ્રશ્ન 4. તમારા ગામના પાદર કે મહોલ્લા નું વર્ણન કરો.

ઉત્તર: મારા ગામનું પાદર: મારા ગામના પાદરમાં લીમડા, વડ, પીપળા, આમલી, ઉમરાના ઘણા ઝાડ છે. એક મોટા વડની આજુબાજુ લોકોએ ઓટલો બનાવ્યો છે. ત્યાં નવરાત્રિમાં ગરબાનું આયોજન થાય છે. પાદરમાથી ભદ્રા નદી વહે છે. ગોંદરે ખાતરના ઉકરડા છે. ખેડૂતો માટે એ કાચું સોનું છે. પાદરના તળાવમાં ઢોર પાણી પીએ છે. માણસો ત્યાં ન્હાય છે.

ભાવવાચક સંજ્ઞાનો ઉપયોગ થયો હોય તેવા વાક્યો પાથમાંથી શોધીને લખો.

ઉત્તર:

1) અમને આનંદ થાય છે
2) જો એની માને તકલીફ પડે તો આવી જ બને.
3) સાહેબોની ધાક જબરી હતી.
4) તમોને પાપ લાગશે.
5) કોઈ બપોર કે તડકો ન જુએ!

પ્રશ્ન 6. 'મને યાદ આવે છે મારા બાળપણનો પ્રસંગ' – આઠથી દસ વાક્યો પ્રસંગ લેખન કરો.

ઉત્તર :

<u>બાળપણનો યાદગાર પ્રસંગ</u>

મારું નામ નીતુ પંચાલ. હું ત્રીજા ધોરણમાં ભણતી હતી. શાળામાં ધોરણ 1 થી 7 ની વેશભૂષા હરીફાઈ રાખવામાં આવી હતી.

હું પંખી બની હતી. મારા પહેરવેશમાં બે પાંખો લગાવી હતી. હું અભિજ્ઞ સાથે ગીત ગાતી હતી .

આપો, આપો બે સુંદર પાંખ મને ..

મારે પંખી ભમે તેમ ભણવું છે,

વન વાડી બગીચા રમવું છે.

મારે ઊંચે રે આભમાં ઊડવું છે,

પહેલા તારા રમે તેમ રમવું છે,

પહેલા ઝાડોની કુંજમાં છૂટવું છે,

તમારે પંખીનું ગીતડા ગાવા છે !

હાથ ચાંદા સૂરજને ધરવા છે,

મારે દીવા ગગનના ગણવા છે !

મારો અભિનય પૂરો થતાંની સાથે હાજર વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મને તાળીઓના ગળગળાટથી વધાવી લીધી હતી.

વેશભૂષા હરીફાઈ માં મને પ્રથમ ઇનામ મળ્યું હતું.

આ પ્રસંગ મારા બાળપણનો યાદગાર સંભારણું બની ગયો.